# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

છે ઘણા આઘે, છતાંયે પાસ છે,
માનશો? એ જિંદગીનો શ્વાસ છે.

મારુ સુખ તો ઠીક, મારા ભઇ હવે,
એમની પીડા પરંતુ ખાસ છે.

હાથ પકડી બસ કહે કે 'કેમ છો?',
આ હૃદયને કેવી કેવી આસ છે.

પાંદડું તૂટીને લટકે ડાળ પર,
વાયરા પર વૃક્ષને વિશ્વાસ છે.

ખામખાં પૈસા ધરો કાયમ મને,
આ હૃદયને પ્રેમની બસ પ્યાસ છે.

- સાકેત દવે

## પાથેય

- રમેશ ઠક્કર

### જિંદગીના શ્વાસ

ભૂલભુલામણીનો એક આનંદ હોય છે.આપણે સૌ મોટેભાગે કોઈને કોઈ ભ્રમમાં જીવતા રહીએ છીએ.એ એટલી હદ સુધી કે ઘણીવાર સત્ય શું અને અસત્ય શું એની ભેદરેખા પણ નક્કી કરી શકતા નથી.આપણું પોતાનું જીવન અંદરથી જોઈએ તો જ એનો ખ્યાલ આવે કે આપણી નજીક જે હોય છે એ ખરેખર નજીક હોય છે ખરા ? અથવા તો આપણે જેને વાસ્તવ માનતા હોઈએ છીએ એ ખરેખર વાસ્તવ હોય છે કે પછી કલ્પના એ પણ નક્કી કરવું અઘરું હોય છે.આપણા પોતાના શ્વાસ આમ જોઈએ તો સતત આપણા પોતાના અહેસાસ જેવા હોય છે.માણસની હયાતીના એ હસ્તાક્ષર હોય છે.સતત આસપાસ હોવા છતાં એ આપણને દૂર લાગતા રહે છે.એની કિંમત આપણને સમજાતી નથી.એ જ્યારે બંધ પડે કે એમાં કોઈ વિક્ષેપ થાય ત્યારે ખબર પડે છે કે એની કિંમત કેટલી છે ! " કલાપી" જેવા કવિ તો આ બાબતને બહુ જ સારી રીતે પારખી ગયા હોય છે.એ કહે છે 'આ ખૂનને ચરખે અને રાતે અમારી ગોદમાં આદમબદમ બોલી રહી ઝીણી સિતારી આપની' ..ઝીણી સિતારી શબ્દ છે એ અદભુત નકશીકામ જેવો છે.એ શ્વાસ જેવા કીમતી વૈભવને બહુ સારી રીતે ઉજાગર કરે છે. માણસ જેને ચાહે છે એનાં સુખ કે એનાં દુ:ખ એ જ એ વ્યકિત માટે મહત્વનાં બની જાય છે .માણસ કોઈકની ચાહતમાં એટલો બધો ઓતપ્રોત થઈ જાય છે કે એને પોતાના અંગત કહી શકાય એવા ભાવો પણ પોતાના લાગતા નથી ! પોતાનું સુખ કે પોતાની લાગણી એ તો જાણે રોજીંદી બાબત છે એવું એ અનુભવે છે.જેના માટે એના મનમાં લાગણીનો ભાવ છે એવી વ્યક્તિની વ્યથા એને માટે ખાસ હોય છે ! આ ગજબ મનોભાવ છે. એકબીજા માટે આપસમાં લાગણી કે પરસ્પર વ્યવહારમાં માણસ કેવળ ભાવનાનો ભૂખ્યો હોય છે. એને કશું જ ભૌતિક નથી જોતું હતું. એવી સગવડો કે લાભો ક્ષણિક કહી શકાય એવું સુખ આપે છે.એ ઝંખે છે કોઈકની લાગણીનો સહચાર. કોઈક એને નજીક આવી કેમ છો ? એટલું જ કહે એવી એને પ્રતીક્ષા રહે છે.આ હૃદયની પરિભાષા છે.એનો એક અલગ અંદાજ હોય છે. ઈશ્વરની લીલામાં બધું જ એકાકાર થઈ ગયેલું જોવા મળે છે.એમાં કોઈ ભેદભાવ કે અલગ ભાવ જોવા મળતો નથી.વૃક્ષ અને એનો આખો દેહ એ એનો પરિવાર છે.વૃક્ષ ઉપરથી સહજપણે ખરી પડતું પાંદડું એનાથી વિખૂટું પડતું નથી.પરંતુ એ જ વૃક્ષની ડાળી ઉપર લટકીને એ ઝાડ સાથેનો એનો નાતો અકબંધ રાખી શકે છે.આ આ બાબત બહુ સમજવા જેવી છે. આપણે એવું માનતા રહીએ છીએ કે જગતમાં ધન દોલત કે કીર્તિ પ્રાપ્ત કરીએ એટલે જાણે બધું જ મળી જાય ! ઘણા લોકો એવું માનતા હોય છે કે દરેક વસ્તુ ની એક કિંમત હોય છે.અને તમે એની કિંમત ચૂકવી શકો તો કોઈપણ ચીજ ખરીદી શકાય છે.એ લોકો લાગણી કે પ્રેમને પણ આ જ વ્યાખ્યામાં ગણી લેતા હોય છે. કવિ કહે છે કે તમે કારણ વગર પૈસા ધરીને મારી પાસેથી મારા હૃદયની પ્યાસને ખરીદી શકો નહીં ! કેમકે એ બાબત ધન દોલત કે કીર્તિ જેવા પ્રચલિત માપદંડોથી ઘણી ઉપર હોય છે.કવિ કે સર્જક આવી બાબતોને બહુ સારી રીતે સમજી શકે છે.અને પોતાના શબ્દોમાં એને ઢાળી પણ શકે છે.આવી રચનાઓ ભાવકને એક નવી જ અનુભૂતિ કરાવી જાય છે !

# આવો, લોકતંત્રના મહાપર્વને વધાવીએ....

**તંત્રીસ્થાનેથી...**

લોકતંત્રનું મહાપર્વ આવી ગયું છે. આજ વિધાનસભાની ચૂંટણીની વિધિવત તારીખો જાહેર થતાં રાજકીય ચહલપહલ પૂરજોશમાં આરંભાઈ છે. કોણ જીતશે.... કોણ હારશે એ પ્રશ્ન અલગ છે. પણ નાગરિકો પોતાના મતના અધિકારનો ઉપયોગ કરશે. એ લોકશાહીની મોટી ઘટના છે. લોકો વડે... લોકો માટે... અને લોકોથી સરકારની રચના થાય એ લોકશાહીનો પાયો છે... આગામી પાંચ વરસ ગુજરાતમાં કયા પક્ષની સરકાર બનશે અને રહેશે એ ગુજરાતના જ ૪ કરોડ ૯૦ લાખ મતદારો ૧લી અને ૫મી ડિસેમ્બરે નક્કી કરશે. ૫૧ હજારથી વધારે બૂથ ઉપર મતદાતાઓ સરળતાથી મતદાન કરી શકે એ માટે વહીવટીતંત્ર સજ્જ છે. દેશમાં ચૂંટણીપંચ સ્વાયત્ત સંસ્થા છે અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન અને સંકલન આ સમગ્ર પ્રક્રિયા તટસ્થ રીતે હાથ ધરાય અને સંપન્ન કરાય એવી પ્રજાની અને રાજકીય પક્ષોની અપેક્ષા છે અને સાથોસાથ પંચે પણ પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં સોનામાં સુગંધ ભળી છે. ભારતની લોકશાહીનું આ જમાપાસું છે. અને ખેલદીલી પૂર્વક ચૂંટણી લડવાની કૌશલ્યતામાં ભારતના રાજકીય આગેવાનોમાં હોવાની લોકશાહીના પાયા અડીખમ અને અકબંધ છે.

તમામ રાજકીય પક્ષો પોતપોતાના મુદ્દા લઈને મતદાતાઓને સમજાવવા આકાશ-પાતાળ એક કરશે....!! થોડાક અપવાદો બાદ કરતાં સભા - સરઘણો અને ડોર ટુ ડોર પ્રચાર દ્વારા રાજકીય મુદ્દાઓનો પ્રચાર થશે. દરેક પક્ષ પોતાનો એજન્ડા રજુ કરશે. કે આગામી પાંચ વર્ષમાં જો તેઓ સત્તા ઉપર આવશે તો શું શું કરવા ધારે છે અને વિકાસ અને કલ્યાણના આયોજનની રૂપરેખા આપશે. પ્રજા પણ ભવિષ્યના આયોજન અને ભૂતકાળના અનુભવોની સમીક્ષા કરી એક મન બનાવવાનો પ્રયાસ કરશે. પરંતુ કેટલાંક મતદાતાઓ નિષ્ક્રિય બનીને સમગ્ર પ્રક્રિયાથી અળઘા રહે છે. આ લોકશાહી માટે યોગ્ય નથી. શાસક પક્ષ કે વિરોધ પક્ષની અયોગ્યતાની ચર્ચા કરવાનો અધિકાર મત આપનાર મતદાતાઓને જ છે. જો કોઈ પણ પક્ષ કે ઉમેદવાર ને મત નહીં અપાય તો એમને ટીકા કરવાનો કે પ્રશંસા કરવાનો અધિકાર નથી. અને એટલેજ આપણો ધર્મ છે. લોકશાહીમાં મતદાન પાયાની ભૂમિકા ભજવે છે. 'વધુ મતદાન લોકશાહીની મજબૂતાઈ વધુ' વધુ મતદાન સ્પષ્ટ પરિણામ, ગુજરાતના લોકતંત્રના મહાપર્વને વધાવવા કોઈ પણ જાતની લાલચ કે લોભ, ધમકી કે દબાણ વિના પવિત્ર મત આપવાનો ધર્મ દરેક નાગરિકને છે.

# વંદનીય નારી પ્રતિભાનું પુણ્ય સ્મરણ

**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**



કારતક પૂનમ હતી - વાર શુક્રવાર.

મહારાજ ધર્મધ્વજ અને મહારાણી માધવીદેવીને કન્યા જન્મી. હિમાલયની તળેટીમાં એમનું રાજય. કન્યાનું નામ વૃંદા રાખ્યું. રાજાએ જયોતિષીઓ તેડાવ્યા. કન્યા રૂપમાં અને ગુણમાં અદ્વિતીય હતી. જોશીઓએ કહ્યું, 'આને તો 'તુલસી' જ કહેવાય. તુલના જ ન થઈ શકે. બીજાની સાથે.' દેવર્ષિ નારદ આવ્યા, એણે કન્યાને પ્રણામ કર્યા. 'આ તો લક્ષ્મીનો અંશ છે.'



તુલસી વયસ્ક થઈ. એને પોતાનો પૂર્વજન્મ યાદ હતો. 'એ શ્રીકૃષ્ણની પ્રિય ગોપી હતી. આથી રાધાએ એને શાપ આપ્યો હતો. 'તું મનુષ્ય લોકમાં જન્મ લઈશ.' એ રીતે એ અહીં જન્મી હતી.

એણે બદરીવનમાં પ્રયાણ કર્યું. ત્યાં તપશ્ચર્યા શરૂ કરી. તપ ઉગ્ર થયું. હવે પ્રજાપિતા પ્રસન્ન થયા.પ્રગટ થયા, વરદાન માગવા કહ્યું, તુલસીએ માગ્યું. 'ભગવાન. વિષ્ણુ મને પતિરુપે પ્રાપ્ત થાય. રાધાની હું પહેલાંની જેમ જ પ્રીતિપાત્ર બની રહું.'

બ્રહ્માજીએ કહ્યું, 'તારું વરણ શંખચૂડ સાથે નિશ્ચિત થઈ ચૂક્યું છે. આ અસુરરાજ છે. એનું પણ તારી જેવું જ છે. એ પૂર્વજન્મનો સુદામા છે. એ ગોપ હતો, શ્રીકૃષ્ણનો અંશ હતો. શ્રીકૃષ્ણને પ્રિય હતો. એને પણ રાધાનો શાપ મળ્યો હતો. એટલે આ જન્મે એ શંખચૂડ છે. ભગવતી રાધાને પ્રસન્ન કરવા, હું તને ષોડશ અક્ષર મંત્ર આપું છું.' બ્રહ્માજી એ તો વિદાય લીધી. તુલસીએ રાધાને તો પ્રસન્ન કરી લીધાં.

તુલસીની તપશ્ચર્યા તો ચાલુ હતી. ત્યાં આકસ્મિત રીતે શંખચૂડ આવી ગયો. તુલસી અને શંખચૂડે પોતાના પૂર્વજન્મો યાદ કર્યા.

ત્યાં પ્રજાપિતા બ્રહ્મા પ્રગટ થયા. અને આદેશ આપ્યો. 'તમે બંને એકાન્તમાં મળ્યાં છો, એકબીજાને અનુરુપ છો. એટલે ગાંધર્વવિવાહ કરી લો.' આદેશ હતો, એટલે બંનેએ સ્વીકારી લીધો. તુલસીને ખબર હતી. 'શંખચૂડનો ગોલોકવાસ થાય, પછી વિષ્ણુ પોતાને વરશે.'

શંખચૂડ તુલસીની સાથે આનંદથી સમય પસાર કરતો હતો. એણે દેવોનું સામ્રાજય પડાવી લીધું હતું. તેઓ દુ:ખી હતા. ભગવાન શંકરે શંખચૂડ સાથે યુદ્ધ શરુ કર્યું. યુદ્ધ ચાલુ હતું.

ભગવાન વિષ્ણુ શંખચૂડનું સ્વરુપ લઈને, તુલસી પાસે આવ્યા. અને હાસ્યવિલાસ કરવા લાગ્યા. તુલસી તો સતી હતી. તેને ખ્યાલ આવી ગયો. વિષ્ણુ પ્રગટ થયા. તુલસીએ કહ્યું, 'તમે કપટ કેમ કર્યું ?' તમને શાપ છે કે તમે શિલા થઈ જશો.' ભગવાને કહ્યું, 'તું પણ ગંડકી નદી રુપે પ્રવાહિત થઈ જઈશ. તારો આ કેશકલાપ છોડમાં રૂપાંતરિત થઈ જશે.' વિષ્ણુ તુલસી માટે પ્રસન્ન હતા.

યુદ્ધમાં શંખચૂડનો વધ થયો. એને ગોલોકમાં પ્રવેશ મેળવ્યો. એના અસ્થિમાંથી શંખ થયો; એ ધાર્મિક વિધિમાં ઉપયોગમાં લેવાયો.

કારતક સુદ અગિયારસે શુભલગ્ન શરુ થયા - સિંહાસન ઉપર શાલિગ્રામ અને સાથે તુલસી. બંનેનાં લગ્નવિધિ પૂનમ સુધી ચાલ્યો.

ગંગા તરફ વહેતી ગંડકી નદીને કિનારે તુલસીનું વન બન્યું - વૃંદાવન. નદી કિનારે જ શાલિગ્રામનું પ્રતિષ્ઠાપન!

# ટીકા - શોખ, આદત કે સ્વભાવ ??

**રંગ અને વ્યંગ**
**અનંત પટેલ**



લોકોને કોઇની પણ ટીકા કરવાનું બહુ જ ગમતું હોય છે. પ્રશંસા કરવામાં લોકો બહુ વિચાર કરતા હોય છે પરંતુ ટીકા તો ગમે ત્યારે ગમે તેની અને ગમે ત્યાં કરવા લાગી જતા હોય છે. ટીકા આમ તો બહુ મોટો શબ્દ છે. લોકોના અંગત કે સામાજિક જીવનમાં કરાતી ટીકાઓ ઉપરાંત ટીકા કરવા માટેનું એક બીજું મોટુ ક્ષેત્ર પણ ઉપલબ્ધ છે.જેમાં,

- કોઇ ફિલ્મની ટીકા ટીપ્પણ
- કોઇ મહાન વ્યક્તિના જીવન ઉપર સમીક્ષા,
- કોઇ પુસ્તક કે કોઇ કાર્યક્રમ અથવા કોઇ અભિયાનની સફળતા કે નિષ્ફળતા અંગે સમાલોચના,
- કોઇ કૃતિ અંગે કે કોઇની વતણૂંક પરત્વે કોમેન્ટસ વગેરે....

આમ તો દરેક ઝીણી ઝીણી બાબત આવરવા જઇએ તો આ યાદી ખૂબ જ લાંબી થઇ શકે એમ છે...

પરંતુ અમારે જે વાત કરવી છે તે એ છે કે વ્યક્તિએ કોઇની પણ ટીકા કરતી વખતે તટસ્થતા બતાવવી જોઇએ. પરંતુ આજે મોટા ભાગની સમીક્ષા કે ટીકા તે લખનારના પૂર્વ ગ્રહો ,તેની માનસિકતા અને તેની બૌધિકતા ના સ્તર ઉપર આધારિત હોય છે.

ટીકામાં ઘણી એવી બાબતો આવતી હોય છે કે,

- કેટલાક લોકો કરવા ખાતર ટીકા કરતા હોય છે.
- કેટલાક લોકો બીજાઓનું ધ્યાન પોતાના તરફ ખેંચવા ટીકા કરે છે,
- કેટલાકને એમ કરવામાં આનંદ આવે છે, જો કે આ આનંદ તામસી આનંદ કહેવાય..
- કેટલાક એવા હોય છે જેમને પોતાને સફળતા ન મળી હોય એવા ફીલ્ડની ટીકા કરવાનું ગમે છે અને એ રીતે કદાચ એ લોકો એ ફીલ્ડ ઉપરની પોતાની દાઝ કાઢતા હોય છે, (દ્રાક્ષ ખાટી છે...!!!)
- કેટલીક વખત ટીકાકાર કશાક નાણાંકીય લાભની અપેક્ષાએ પણ ખરું ખોટુ લખતા હોય કે બોલતા હોય છે..
- જો કે આવા ટીકાકારોએ જેની ખૂબ જ ટીકા કરી હોય એવું કાર્ય કે પ્રવૃત્તિ તેમને પોતાને કરવાની આવે છે ત્યારે એ એમાં એવા ભરાઇ જાય છે કે પૂછો ના વાત...
- કેટલાક લોકોને ટીકા કરવાની આદત જ પડી ગઇ હોય છે એ ના ચાહે તો પણ એમનાથી ટીકા થઇ જ જાય છે...

બીજું ઘણીવાર એવું જોવા મળે છે કે ટીકાકાર એવું માનીને ચાલતા હોય છે કે તેમણે તો માત્ર ખામી કે દોષ જ બતાવવાના હોય છે. અરે સારો ટીકાકાર તો એ કહેવાય કે તે જેના ઉપર ટીકા કે વિવેચન કરતો હોય તેનાં બંને પાસાંને આવરી લે. પ્રથમ તો એને જે કંઇ સારું દેખાતું હોય તે બતાવવું જોઇએ અને તે પછી જે કં નબળાઇઓ કે દોષ જનાતા હોય તેને માટે સારી ભાષામાં સૂચનો કરવાં જોઇએ.

જો ટીકાકાર તટસ્થ રહીને પોતાનું કાર્ય કરે તો જ એ જે તે કૃતિ,રચના, વ્યક્તિ કે પ્રસંગને ન્યાય અપાવી શકશે. જો કે આપણે ત્યાં ઘણા મોટા ગજાના આવા ટીકાકારો હાલ કાર્યરત છે એ આપણા માટે સદભાગ્ય અને ગૌરવની વાત છે.

મો-
૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com

# આપણો સ્વાદ : પોતાનો કે ઉછીનો ?

**ઈશાન ઠક્કર**

નવરાત્રીના આ નવ દિવસ માં દરેક રાત્રિએ માણેલ વિવિધ નાસ્તાઓ અને દશેરાના ફાફડા જલેબી પછી જો શીર્ષક માં સ્વાદ શબ્દ આવે તો ચોક્કસથી એવું થાય કે વાત અહી ખાણી પીણી ની જ થતી હશે ! પણ અહીંયા વાત કઈ અલગ છે, અહીંયા આ સ્વાદ (ટેસ્ટ) આપણી જોવાની સાંભળવાની , સમજવાની ઇન્દ્રિયો વિશે છે.

બાળપણ માં હું મારા દાદા જોડે બેસીને ટીવી જોતો, ત્યારે સ્માર્ટફોન નહતા અને દરેક રૂમમાં ટીવી પણ ન હતા એટલે આખો પરિવાર એકજ ટીવી માં અલગ અલગ સમય પર પોતાના મનપસંદ કાર્યક્રમ જોતો. બેઠક રૂમમાં રહેલ ટીવી પર શું ચાલે છે તેની જાણ ઘરના દરેક સભ્યોને થતી. ઘણી વાર એવું બનતું કે હું કોઈ કાર્ટુન જોતો હોઉ તો મારા દાદા મારી પાસે આવીને તે નિહાળવા બેસી જાય , ચંચળવૃત્તિના પગલે એક ચેનલ પર બ્રેક આવે તો બીજી ચેનલ અને બીજી માં બ્રેક આવે તો ત્રીજી એવું સહજ થઈ જતું, તેવામાં કોઈ વખત મનોરંજન સભર કાર્ટુન ની જગ્યાએ મારામારી વાળું કાર્ટૂન લાંબા સમય સુધી નિહાળું તો મારા દાદા મને એક શબ્દ વારંવાર કહેતા બેટા, તારો ટેસ્ટ બરાબર નથી. મને ત્યારે તેમના વાક્ય પૂરા ના સમજાતા પણ આજે તે ટેસ્ટ બરાબર નથી વાળું વિશેષણ સંપૂર્ણ સમજાય છે.

માણસને સામાજિક પ્રાણી કીધું છે, તે જેવું જુએ છે , સાંભળે છે , વિચારે છે તેવું બનવા પ્રયત્ન કરે છે. પહેલાંના સમયમાં એવું હતું કે એક માણસ જ બીજા માણસ પર સારો કે ખરાબ પ્રભાવ પાડી શકતો હતો અને એટલે જ બાળપણથી લઈને યુવાવસ્થા સુધી માં બાપ પોતાના બાળકના મિત્રો કેવા છે તે કોની જોડે ઊઠે બેસે છે, કોની જોડે રમવા જાય છે તેની ચિંતા કરતા, આજે માણસ બીજા માણસ જોડે ઓછો અને મોબાઈલ જોડે વધારે સંપર્કમાં રહે છે અને તેથીજ સ્માર્ટફોન, ચલચિત્રો, સોશિયલ મીડિયા વગેરે માણસના જીવનમાં વધુ પ્રભાવ પાડી રહ્યા છે. પહેલાંના સમયમાં બેઠક રૂમમાં રહેલ ટીવી ફિક્સ ગુજરાતી થાળી જેવું હતું જે નક્કી થયું હોય તેજ પીરસાય અને તેજ ગમાડવું પડે જ્યારે આજે સ્માર્ટફોન , વેબ સિરીઝ, અમુક મેગેઝિન, સોશિયલ મીડિયા વગેરે મલ્ટી ક્યુઝીન રેસ્ટોરન્ટ બની ગયા છે જેમાં જેને જે સમયે જે જોવું હોય તે પીરસાય છે અને તેનો આનંદ પણ ઉઠાવાય છે, પણ મલ્ટી ક્યુઝીન રેસ્ટોરન્ટ માં પણ ઓર્ડર તો આપણે જ આપવાનો હોય છે , ત્યાં કોઈ જબરજસ્તીપૂર્વક આપણને કંઈપણ પીરસતું નથી તેવીજ રીતે આજના આ સમય માં શું જોવું, શું સાંભળવું, શું નિહાળવું અને શું સમજવું તેનો નિર્ણય તો આપણેજ કરવો રહ્યો. આપણો ટેસ્ટ કેવો છે તેનું આત્મનિરીક્ષણ તો આપણે જ કરવું રહ્યું. આજના બાળકો , તરુણો , યુવાનો પોતાને સંસ્કારમાં મળેલ ટેસ્ટ ને ભૂલી જઈ ઉછીના ટેસ્ટ ને અપનાવાની ઘેલછા રાખી રહ્યા છે અને તેજ સમસ્યા દરેક કુટુંબમાં આજે ચિંતાનો વિષય બની રહી છે. બાલ્યવસ્થાથી લઈ યુવાવસ્થા સુધી જો માં બાપ બાળક ના ખાવા પીવા ના ટેસ્ટને સમજીને તેને શું ખાવું શું ના ખાવું તેની ટકોર કરી શકતા હોય તો તેજ માં બાપે પોતાના બાળકને શું જોવું, શું સાંભળવું શું નિહાળવું, શું સમજવું તેની ટકોર કરવી જ રહી. અંતે એટલું ચોક્કસથી કહીશ કે આપણા જીવનની સ્ક્રિપ્ટ ભગવાને લખી છે જ્યારે આપણે સોશિયલ મીડિયામાં, રિલ્સમાં , વેબ સિરીઝમાં , ચલચિત્રોમાં જે નિહાળીએ છીએ તેની સ્ક્રિપ્ટ માનવનિર્મિત છે. માનવનિર્મિત સ્ક્રિપ્ટથી કોઈ એકની તિજોરીઓ ભરાય છે પણ તેનું આંધળું અનુકરણ કરવાથી કરોડો લોકોની જિંદગી બરબાદ પણ થાય છે. ગુજરાતીમાં આપણે કહીએ છીએ ને કે મફતમાં ખવડાવનાર તો ગમે તેટલું ખવડાવે પેટ તો આપણું છે ને ! તેવીજ રીતે માહિતીના આ યુગમાં પીરસાશે તો બધુંજ પણ આપણે આપણો સ્વાદ શું છે તે સમજવું જ.

---

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે,
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે...

દુનિયાની જૂઠી વાણી વિષે જો દુ:ખ વસે છે,
જરાએ અંતરે આનંદ ના ઓછો થવા દેજે...

કચેરીમાંહિ કાજીનો નથી હિસાબ કોડીનો,
જગતકાજી બનીને તું વહોરી ના પિડા લેજે...

જગતના કાચના ચંત્રે ખરી વસ્તુ નહીં ભાસે,
ન સારા કે નઠારાની જરાયે સંગતે રહેજે...

રહેજે શાંતિ સંતોષે સદાયે નિર્મળે ચિત્તે,
દિલે જે દુ:ખ કે આનંદ કોઈને નહીં કહેજે...

વસે છે ક્રોધ વૈરી ચિત્તમાં તેને તજી દેજે,
ઘડી જાયે ભલાઈની મહાલક્ષ્મી ગણી લેજે...

રહે ઉન્મત્ત સ્વાનંદે ખરું એ સુખ માની લે,
પિયે તો શ્રી પ્રભુના પ્રેમનો પ્યાલો ભરી લેજે...

કટુ વાણી સૂણે જો કોઈની, વાણી મીઠી કહેજે,
પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે....

અરે પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માગે તો,
ન માગે તો દોડતું આવે ન વિશ્વાસે કદી રહેજે...

અહો શું પ્રેમમાં રાચે નહીં ત્યાં સત્ય પામે તું ,
અરે તું બેવફાઈથી ચડે નિંદા તણે નેજે....

લહે છે સત્ય જે સંસાર તેનાથી પરો રહેજે,
અરે એ કીમિયાની જે મઝા છે તે પછી કહેજે...

વફાઈ તો નથી આખી દુનિયામાં જરા દીઠી,
વફાદારી બતા'વા ત્યાં નહીં કોઈ પળે જાજે...

રહી નિર્મોહી શાંતિથી રહે એ સુખ મોટું છે,
જગત બાજીગરીનાં તું બધાં છલબલ જવા દેજે....

પ્રભુના નામનાં પુષ્પો પરોવી કાવ્યમાળા તું,
પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રિતે દેજે....

કવિરાજા થયો શી છે પછી પીડા તને કાંઈ,
નિજાનંદે હમેશાં બાલ મસ્તીમાં મઝા લેજે...

— બાલાશંકર કંથારિયા